## બનાવટી નોટ છાપવાના કેસમાં આરોપીના જામીન નામંજૂર

વલસાડ : વાપીમાં બનાવટી નોટ છાપવાના ગુનામાં પકડાયેલા આરોપીએ જામીન માટે વાપીની એડિશનલ સેશન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ અરજીની સૂનવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ પુષ્પા સૈનીએ આ અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. વાપીના ડુંગરા વિસ્તારમાં આરોપી સંજય સોમનાથ પવાર બનાવટી રૂપિયા 500 ના દરની ચલણી નોટ છાપવાના ગુનામાં પકડાયો હતો. જેને જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો. ત્યાંથી જામીન પર છૂટવા તેણે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થઈ છે.

# સોની નીકળ્યો ગોલ્ડ લોન કૌભાંડનો ખેલાડી

**જલાલપોરની** બેંકમાં નકલી દાગીનાથી 21.39 લાખની છેતરપિંડીમાં પાંચ ઝડપાયા



નવસારી : જલાલપોરની બેંક ઓફ બરોડામાં ગોલ્ડ લોનના નામે નકલી સોનાના દાગીના ગીરવે મૂકી રૂપિયા21.39 લાખની છેતરપિંડી આચરનાર ટોળકીનો જલાલપોર પોલીસે પર્દાફાશ કરતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે દાગીનાની ખરાઈ માટે બેંકે જેના પર વિશ્વાસ મૂક્યો હતો તે જ સોની આરોપીઓ સાથે મળી નકલી દાગીનાને અસલી જાહેર કરી બેંકને લાખો રૂપિયાનો ચૂનો ચોપડવામાં સામેલ હતો.

નવસારી જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ આર્થિક ગુનાઓ અને છેતરપિંડીના બનાવો સામે હાથ ધરાયેલી ઝુંબેશ દરમિયાન જલાલપોર પોલીસ ઈન્સ્પેક્ટર એલ.જી. રાઠોડ અને ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. બેંક મેનેજર પોરસ ભાઠેનાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસના આધારે પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓમાં જલાલપોરના રાજેશ ગોવિંદભાઈ પરમાર અને સોની જીતેન્દ્રકુમાર ધનજીભાઈ કોરાટ, વિજલપોરના રામસિંગ નિર્મલ અને સુરેશકુમાર યાદવ તેમજ સુરતના મૌલિક ટંડેલનો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મુખ્ય સૂત્રધાર રાજેશ પરમારે ઝડપથી રૂપિયા મેળવવાના ઈરાદે તેના મળતીયાઓ સાથે મળીને ગોલ્ડ લોન મારફતે બેંકને છેતરવાનો પ્લાન ઘડ્યો હતો. સુરત અથવા અમદાવાદ તરફથી જય નામનો વ્યક્તિ નકલી દાગીના લાવી આપતો હતો, જેના પર માત્ર સોનાનું પાતળું કોટિંગ કરવામાં આવતું હતું. બાદમાં આ દાગીના બેંકમાં ગીરવે મૂકી લોન માટે અરજી કરવામાં આવતી હતી. બેંક દ્વારા દાગીનાની ખરાઈ માટે રાખવામાં આવેલા સોની જીતેન્દ્ર કોરાટને રૂપિયાની લાલચ આપીને પોતાના પક્ષે કરી લેવામાં આવ્યો હતો. સોની નકલી દાગીનાને અસલી જાહેર કરી સર્ટિફાઈ કરતો અને તેના આધારે બેંક દ્વારા ગોલ્ડ લોન મંજૂર કરવામાં આવતી હતી.

### ગીરવે મુકાયેલા દાગીનાની તપાસ કરતા કૌભાંડ બહાર આવ્યું

આરોપીઓએ ચાર ગોલ્ડ લોન ખાતા ખોલી અંદાજે 535 ગ્રામ જેટલા નકલી દાગીના ગીરવે મૂકી રૂપિયા 18.49 લાખથી વધુની લોન મેળવી હતી. બાદમાં લોનની ચુકવણી ન થતાં બેંક તંત્રને શંકા ગઈ હતી. ગીરવે મુકાયેલા દાગીનાની ફરી તપાસ કરવામાં આવતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. દાગીનામાં ખરા સોનાની જગ્યાએ માત્ર ઉપરથી ગોલ્ડ કોટિંગ કરવામાં આવ્યું હોવાનું સામે આવતા બેંક તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસે તમામ આરોપીઓને નવસારી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટ દ્વારા તા.19 મે સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. હાલ પોલીસે જય નામના શખ્સની શોધખોળ તેજ કરી છે. આ સમગ્ર ઘટનાએ ગોલ્ડ લોન પ્રક્રિયા અને બેંકોની આંતરિક ચકાસણી વ્યવસ્થાની વિશ્વસનીયતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. લોકોમાં ચર્ચા છે કે જ્યારે બેંકનો વિશ્વાસુ સોની જ લાલચમાં આવી દગો કરે ત્યારે સામાન્ય ગ્રાહકોના નાણાં અને બેંકિંગ વ્યવસ્થા કેટલી સુરક્ષિત ગણાય?

# સાવધાન! 'RTO Challan'ના નામે તમારા મોબાઈલમાં ડિજિટલ ચોર'

**પારડીના** નિવૃત્ત શિક્ષક સમયસૂચકતાથી બચ્યા

**જાણીતા** નંબરો પરથી આવતી apk ફાઇલ ડાઉનલોડ કરવાથી ફોન થાય છે હેક

પારડી : સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોના બેંક ખાતા ખાલી કરી નાખતી એક જોખમી ગેંગ સક્રિય થઈ છે. 'RTO Challan' નામે માત્ર ૪.૫ MB ની ફાઈલ વોટ્સએપ પર વાયરલ થઈ રહી છે, જે વાસ્તવમાં એક ઘાતક માલવેર (વાયરસ) છે. આ કૌભાંડની ભયાનકતા એ છે કે આ ફાઈલ કોઈ અજાણ્યા નંબરથી નહીં, પરંતુ તમારા જ મિત્રો કે સગા-સંબંધીઓના હેક થયેલા મોબાઈલમાંથી મોકલવામાં આવે છે.

કોઈ વ્યક્તિ ભૂલથી આ 'RTO Challan.apk' ફાઈલ ઈન્સ્ટોલ કરે ત્યારે તેનો આખો ફોન હેકર્સના નિયંત્રણમાં આવી જાય છે. પારડીની બીઆરજેપી ઈંગ્લીશ મીડીયમના નિવૃત્ત સપોર્ટ શિક્ષક અશોકભાઈ ટંડેલનો ફોન ૫ મેની રાત્રે હેક થયો હતો, પરંતુ સમયસૂચકતા અને પોલીસ તથા મિત્રોની મદદથી તેઓ સાયબર ફ્રોડનો ભોગ બનતા બચી ગયા હતા.

હેકર્સ ખાસ કરીને રાત્રિના સમયે સક્રિય થઈને બેંકિંગ ટ્રાન્ઝેક્શન કરે છે. ફોનનો પૂરો એક્સેસ હોવાથી ઓટીપી (OTP) પણ હેકરને સીધો મળી જાય છે અને યુઝરને ખબર પડે તે પહેલાં જ ખાતામાંથી નાણાં ગાયબ થઈ જાય છે. સાવચેતીના ભાગરૂપે રાત્રે મોબાઈલ ડેટા બંધ રાખવા હિતાવહ છે. વલસાડ જિલ્લામાં આવા અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.

### પારડીમાં ફૂટ ઓવરબ્રિજ સાથે ટ્રક અથડાઇ




પારડી : પારડીના ચંદ્રાપુરથી ITI ને જોડતા સ્ટીલ ફૂટ ઓવરબ્રિજ સાથે સુરત તરફ જઈ રહેલી એક કદાવર ટ્રક નંબર NL-01-AK-3476 અથડાઈ હતી. ટ્રકમાં ભરેલા ઓવરહાઈટ સામાનના કારણે આ ટક્કર એટલી ભયાનક હતી કે બ્રિજના મુખ્ય પિલરને મોટું નુકસાન પહોંચ્યું છે. સદનસીબે, રાત્રિના સમયે બ્રિજ બંધ હોવાથી કોઈ મોટી જાનહાનિ ટળી હતી. આ ઘટનાએ હાઈવે ઓથોરિટીની કામગીરી સામે અનેક સવાલો ઊભા કર્યા છે. નિયમ મુજબ આવા ઓવર ડાયમેન્શન કાર્ગો (ODC) વાહનો માટે ખાસ મંજૂરી લેવી પડે છે, તો આ વાહનને પરમિશન કોણે આપી? રસ્તામાં આવતા અનેક ટોલ નાકાઓ પર કરોડો રૂપિયા ઉઘરાવતું તંત્ર આટલા વિશાળ વાહનને રોકવામાં કેમ નિષ્ફળ રહ્યું? પારડી હાઈવે પરિયા રોડ પાસે મોટા વાહનોની અવરજવર માટે હાઈવેની ગ્રીલ તોડીને ગેરકાયદે રસ્તો બનાવાયો હોવા છતાં અધિકારીઓ ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે.

# બોગસ લિંકથી ફોન હેક કરી ૬ લાખ ટ્રાન્સફર

HDFC BANK PAN UPDATE. apkના નામની લિંક ડાઉનલોડ કરતાં રકમ ઉપડી ગઈ

ખેરગામ: ખેરગામ વિસ્તારમાં ઓનલાઈન હેકિંગની ઘટના પ્રકાશમાં આવી હતી, જેમાં એક ખાનગી નોકરી કરતાં યુવકે ૬.૦૪ લાખ ગુમાવ્યા છે.

મૂળ ચીખલીના ઘેજ અને હાલ વડોદરા ખાતે રહેતા ૩૪ વર્ષીય અશ્વિનકુમાર નરેશભાઈ પટેલે આ અંગે અજાણ્યા સાયબર ઠગો વિરૂદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. અજાણ્યા બદમાશોએ પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચી ફરિયાદી અશ્વિનકુમારના વૉટ્સએપ પર એક શંકાસ્પદ ડિજિટલ ફાઈલ મોકલી હતી. આ ફાઈલ HDFC BANK PAN UPDATE.apkના નામે એક બોગસ અને બનાવટી લિંક સ્વરૂપે હતી. ફરિયાદીએ પોતાના બેંક ખાતામાં પાન કાર્ડ અપડેટ કરવાના આશયથી જેવી આ ફાઈલ મોબાઈલમાં ઈન્સ્ટોલ કરી, કે તુરંત જ ઠગોએ તેમનો આખો મોબાઈલ ફોન હેક કરી લીધો હતો. મોબાઈલનો સંપૂર્ણ એક્સેસ મેળવી લીધા બાદ, સાયબર ગુનેગારોએ ફરિયાદીના HDFC બેંક ખાતા અને IFSC કોડનો ઉપયોગ કરીને અલગ-અગાઉ બેંક ખાતાઓમાં ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા કુલ ૬,૦૪,૦૦૦ની રકમ સેરવી લીધી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ યુવકે પોલીસનો સંપર્ક કર્યો હતો.

ખેરગામ પોલીસે આ મામલે અજાણ્યા મોબાઈલ ધારકો અને અલગ-અલગ બેંક ખાતાધારકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પ્રશાસને લોકોને અજાણ્યા સ્ત્રોત તરફથી આવતી આવી કોઈ પણ .apk ફાઈલ ડાઉનલોડ ન કરવા અપીલ કરી છે.

# વલસાડમાં અધિક કલેક્ટરના અધ્યક્ષસ્થાને સંકલનની બેઠક

**લોકપ્રશ્નો** અને વિકાસ કાર્યો અંગે ૧૯ મુદ્દાઓની ચર્ચા

**ધારાસભ્યોની** કેનાલ, બ્રિજ, તિથલ બીચ સુરક્ષા અને પારનેરા ડુંગરના વિકાસ કાર્યો અંગે રજૂઆતો



વલસાડ : વલસાડ જિલ્લા સંકલન - ફરિયાદ સમિતિની બેઠક અધિક જિલ્લા કલેક્ટર મહિપાલસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં કુલ ૧૯ પ્રશ્નોની ચર્ચા થઈ હતી.

વલસાડના ધારાસભ્ય ભરત પટેલે ધમડાચી ગામે બંધ કરાયેલી કેનાલ, તિથલ જકાતનાકાથી નનકવાડા ભાગડાવડા ગામમાં વાંકી નદીને જોડતી વરસાદી પાણીના નિકાલ માટેની આરસીસી ગટર, મગોદ ડુંગરી ગામે સ્મશાનભૂમિ, ભાગડાવડા ગામે ઔરંગા નદીના કિનારે પુર સરંક્ષણ પાળાનું કાર્ય, તિથલ બીચ પર મોડી રાત સુધી લાઈટ ચાલુ રહેતા અસામાજિક તત્વોની અવરજવર સહિતની વિવિધ ફરિયાદો, તિથલ બીચ પર પ્રોટેક્શન વોલના ઘણા પથ્થરો નીચે ધસી આવતા ફરી ગોઠવવાની કામગીરી, નાનકવાડાના ખારિયા ફળિયા ખાતે વરસાદી પાણીનો નિકાલની વ્યવસ્થા, પારનેરા ડુંગર પર રૂપિયા ૩.૫ કરોડના ખર્ચે વિકાસ કાર્યો, વલસાડના ઘડોઈ ગામને યાત્રાધામ તરીકે વિકસાવવા રૂપિયા ૧ કરોડ ૭૯ લાખની ગ્રાંટ અને ધરાસણા ગામે ટાઈડલ રેગ્યુલેટરી ડેમ સહિતની રજૂઆતો અંગે અધિક જિલ્લા કલેક્ટરે માર્ગદર્શન આપ્યું હતું.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલે વાપી-વાંસદા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૬ પર કરંજવેરી નજીક તાન તથા આંબા તલાટ નજીક માન નદી પરના બંધ કરાયેલા બ્રિજથી લોકોને પડતી મુશ્કેલી અંગે રજૂઆત કરી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, વલસાડ, પારડી અને ધરમપુરના સર્વે પ્રાંત અધિકારી વિમલ પટેલ, નિરવ પટેલ અને આર.સી. પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અશોક કલસરીયા, જિલ્લા આયોજન અધિકારી ભરત પટેલ અને ઉત્તર વન વિભાગના નાયબ વન સરંક્ષક લોકેશ ભારદ્વાજ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## નવસારીમાં કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ ત્રણ વેપારીઓ સામે ફરિયાદ

નવસારી : જિલ્લામાં કલેક્ટરના જાહેરનામાનું ઉલ્લંઘન કરવા બદલ ગણદેવી અને મરોલી પંથકમાં ત્રણ વેપારીઓ સામે ગુના નોંધાતા ચકચાર મચી ગઈ છે.

ગણદેવી સુગર ફેક્ટરી નજીક આવેલી 'તન્વી એક્વેરિયમ'ના માલિક હિતેશભાઈ મોહનભાઈ પટેલ અને પંચરની દુકાન ચલાવતા મહમદઅસલમ મહંમદરફીક શેખે પોતાની દુકાનોમાં ફરજિયાત સીસીટીવી કેમેરા ન લગાવતા ગણદેવી પોલીસે બંને સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરી છે. બીજા બનાવમાં, મરોલી ચાર રસ્તા પાસે 'અવધ ફાઈબર ડોર' ના માલિક અશોકકુમાર શીતલાપ્રસાદ વિશ્વકર્માએ ઉત્તર પ્રદેશના પરપ્રાંતીય કારીગરોને કામે રાખ્યા હોવા છતાં તેમની વિગતો સ્થાનિક પોલીસ મથકે નહીં નોંધાવતા એસ.ઓ.જી.ની તપાસમાં આ લાપરવાહી બહાર આવતા મરોલી પોલીસે ગુનો નોંધ્યો છે.

# પારડીના અરનાલામાં હાઈવેના પેટ્રોલ પંપ પર હોબાળો

**વ્યવસ્થાપનના** અભાવે એચ.પી. પંપ પર વાહનોની લાંબી કતારો




પારડી : પારડીના નાનાપોઢા અરનાલા ખાતે નેશનલ હાઇવે નં. ૮૪૮ પર છેલ્લા બે દિવસથી પેટ્રોલ-ડીઝલની અછત સર્જાતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. અરનાલા મરીમાતા ચોકડી સ્થિત એચ.પી. પેટ્રોલ પંપ પર ઈંધણ માટે વાહનોની લાંબી કતારો લાગતાં હાઇવે પર ટ્રાફિક જામ થયો હતો.

પંપ પર પૂરતો સ્ટાફ અને સુરક્ષા વ્યવસ્થા ન હોવાને કારણે ગ્રાહકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં ઘણા લોકોને ઈંધણ મળ્યું ન હતું. મોડી રાત્રે સંચાલકોએ ઓનલાઈન સિસ્ટમ બંધ હોવાનું બહાનું બતાવી વિતરણ બંધ કરી દેતાં વાહનચાલકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

સ્થાનિકોના મતે, પૂરતો જથ્થો હોવા છતાં અયોગ્ય આયોજનને કારણે વાહનચાલકોને હેરાન થવું પડ્યું છે. હાલ પંપ પર પૂરતો સ્ટાફ અને ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવાની માંગ સાથે, જિલ્લા પુરવઠા વિભાગ આ સમગ્ર મામલે યોગ્ય તપાસ કરે તેવી લોક માંગ ઉઠી છે.

# મુંબઈથી ૧૭ કરોડની ચાંદી લઈ વાપી જતી વેનનો અકસ્માત

**પાલઘરના** ચારોટી નાકા પાસે અકસ્માત થતાં બેનાં મોત નીપજ્યાં



વાપી : વાપી આવતી વેનને પાલઘર પાસે અકસ્માત નડતા અફરાતફરી મચી હતી. અંદાજે ૧૭ કરોડ રૂપિયાની ૬૦૦ કિલો ચાંદી લઈ વાપી આવી રહેલી વેનને મુંબઈ-અમદાવાદ હાઈવે પર પાલઘરના ચારોટી નાકા પાસે અકસ્માત થતાં બેનાં મોત નીપજ્યાં હતાં. કરોડો રૂપિયાની ચાંદીની પાટ ખુલ્લી થઈ જતાં લોકોની ભીડ જામી હતી. અકસ્માતગ્રસ્ત વાનમાં ચાંદીની પાટો હોવાનું જાણવા મળતાં પોલીસ દોડતી થઈ હતી અને કોઈ ચાંદી આઘીપાછી ન કરી જાય તે માટે બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. એવી પણ માહિતી મળે છે કે, વાપી જીઆઈડીસીમાં આવેલી મોદી સન્સ કંપનીમાં આ ચાંદીની પાટ લાવવામાં આવી રહી હતી. ચારોટી ફ્લાયઓવર પાસે ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે વેન ગુજરાત લેન પરના ડિવાઈડર સાથે અથડાઈ અને મુંબઈ લેનમાં ઘૂસી ગઈ હતી. તે જ સમયે, વેન વિરુદ્ધ દિશામાંથી આવતા ટ્રેલર સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે વેનના ચાલક તથા સિક્યુરિટી ગાર્ડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેઓ કાસાની હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગણદેવીના વલોટી ગામે શનિ અમાસે ભક્તોનું ઘોડાપૂર




બીલીમોરા : શનિ અમાસના પાવન સંયોગે ગણદેવી તાલુકાના વલોટી ગામે આવેલા પ્રાચીન શનિદેવ મંદિરે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. શનૈશ્ચરી અમાવસ્યાના દિવસે પૂજા-અર્ચના સાથે શનિદેવના આશીર્વાદ મેળવી પાપ તથા પીડામાંથી મુક્તિ માટે પ્રાર્થનાઓ કરી હતી. ગણદેવી તાલુકાનું વલોટી ગામનું આ મંદિર ભક્તોની અખૂટ આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. મંદિર પટાંગણમાં વિશેષ યજ્ઞ અને હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ યજ્ઞકુંડમાં આહુતિ આપી સુખ-શાંતિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. મંદિર ખાતે શનિદેવ સાથે શિવ પરિવાર તથા નવગ્રહ દેવતાઓ પણ બિરાજમાન હોવાથી અહીંનું મહાત્મ્ય વધુ વધે છે. લોકવાયકા મુજબ વર્ષો અગાઉ સંત ગાજીનાથ ઉર્ફે વાલકદાસ જગન્નાથ ગોસ્વામી સાધુવેશમાં દેશભરમાં પરિભ્રમણ કરતા હતા. ત્યારથી આ મંદિર ભક્તોની શ્રદ્ધાનું પ્રતિક બની રહ્યું છે.

### વલસાડમાં ટ્રાફિક જામ વચ્ચે મહિલા હોમગાર્ડે એમ્બ્યુલન્સને રસ્તો કરાવી આપ્યો



વલસાડના કલ્યાણ બાગ નજીક બની રહેલા નવા માર્ગને લઈ આ માર્ગ એક માર્ગી થતા શનિવારે મોડી સાંજે ગંભીર ટ્રાફિક જામ સર્જાયો હતો. જેમાં એક એમ્બ્યુલન્સ ફસાઇ જતા દોડધામ મચી હતી. વાહન ચાલકો આગળ જવાની લહાઈમાં વધુ ટ્રાફિક જામ કરી રહ્યા હતા. જોકે ફરજ ઉપરની મહિલા હોમ ગાર્ડે ધસમસતા વાહનો વચ્ચે પણ દોડધામ મચાવી વાહનોને સાઇટ કરાવી એમ્બ્યુલન્સને રસ્તો ખુલ્લો કર્યો હતો. લોકોએ મહિલા હોમ ગાર્ડ ની સમય સૂચકતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવી હતી.

### દાનહમાં મતદાર યાદીનો ખાસ સઘન સુધારણા SIR કાર્યક્રમ જાહેર

વાપી : ભારત નિર્વાચન આયોગ દ્વારા દાદરા અને નગર હવેલી જિલ્લામાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR)-૨૦૨૬ હાથ ધરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુધારણા કાર્યક્રમ માટે ૦૧/૦૭/૨૦૨૬ની તારીખને લાયકાતની તારીખ તરીકે નક્કી કરવામાં આવી છે. ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા સમયપત્રક મુજબ, ૦૪ જૂન થી ૦૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બીએલઓ (BLO) દ્વારા ઘરે-ઘરે જઈને મતદારોની વિગતોની ચકાસણી કરવામાં આવશે. આ સાથે જ ૦૩ જુલાઈ સુધીમાં મતદાન મથકોના યુક્તિકરણની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે. ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ ડ્રાફ્ટ (પ્રારૂપ) મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે, જે બાદ ૧૦ જુલાઈથી ૦૯ ઓગસ્ટ ૨૦૨૬ સુધી નાગરિકો પોતાના દાવા અને વાંધા રજૂ કરી શકશે. પ્રાપ્ત થયેલા તમામ દાવા અને વાંધાઓનો નિકાલ ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં કરવામાં આવશે અને ત્યારબાદ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આખરી મતદાર યાદી જાહેર કરવામાં આવશે. મતદાર નોંધણી અધિકારી અમિત કુમારે જિલ્લાના તમામ નાગરિકોને આ પ્રક્રિયામાં સહભાગી થવા અપીલ કરી છે. કોઈપણ પ્રકારની પૂછપરછ કે સહાય માટે મતદારો હેલ્પલાઇન નંબર ૧૯૫૦ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૨૫ ૨૨૫૬ ઉપર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત સેલવાસ ખાતે આવેલી જિલ્લા સચિવાલયના ત્રીજા માળે ચૂંટણી શાખાનો રૂબરૂ સંપર્ક પણ કરી શકાશે.

### વલસાડ પાલિકાના વોટર વર્ક્સ વિભાગના એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયરનું રાજીનામું

વલસાડ : વલસાડ નગર પાલિકાના વોટર વર્કસ વિભાગના એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયરે ચીફ ઓફિસરને સંબોધીને રાજીનામું આપતા પાલિકા વર્તુળમાં ખળભળાટ મચ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, વલસાડ નગર પાલિકાના વોટર વર્કસ વિભાગના 11 માસના કરાર આધારિત એડિશનલ આસિસ્ટન્ટ ઇજનેર મયુર આસવાણીએ ચીફ ઓફિસરને પોતાનું રાજીનામું મોકલી આપ્યું હતું. રાજીનામામાં જોકે પર્સનલી કારણ દર્શાવ્યું હતું. જોકે આ મુદ્દો પાલિકા વર્તુળમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

### ચીખલી તાલુકામાં ડેન્ગ્યુ દિવસની ઉજવણી




ઘેજ : ચીખલી તાલુકામાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ અતર્ગત ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ નવસારી અને તાલુકા હેલ્થ ઓફિસ ચીખલીના માર્ગદર્શન હેઠળ તમામ પ્રા. આ. કેન્દ્ર પર ડેન્ગ્યુ દિવસ અતર્ગત ડેન્ગ્યુ રોગ અટકાયત અતર્ગત રાખવાની નાની નાની બાબતો જેવી કે જૂના ટાયરો, જૂના માટલાં તેમજ નાળિયેરની કાચલીઓ, જૂની તૂટેલી બરણીઓ વિગેરેનો યોગ્ય નિકાલ કરવામાં આવે અને મચ્છરની ઉત્પતિ અટકાવી વાહકજન્ય રોગો અટકાવી શકાય એ માટે વિસ્તૃત માહિતી મેડિકલ ઓફિસર અને સુપરવાઈઝર અરુણભાઇ દ્વારા આપવામાં આવી હતી.


## જાહેર નોટીસ

ગુજરાત રાજયના નવસારી ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગણદેવીના મોજે ગામ **પાથરી** ના **ખાતા નંબરઃ ૧૮૭ ના બ્લોક/સર્વે નં. ૨૮૨ (જુનો) ૨૯ (નવો) કુલ જમીન ક્ષેત્રફળ ૧-૧૦-૧૫ હે.આરે.ચો.મી** થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન પાલીબેન તે ભગાભાઈ ભાણાભાઈની વિધવા, ધનુબેન ભાણાભાઈ, કાન્તાબેન મણીભાઇ, ભાનુબેન મણીભાઇ, સુશિલાબેન મણીભાઈ, નીરૂબેન મણીભાઈ, વિરલ રાજેશભાઈ પટેલ તથા સેજલબેન રાજેશભાઈ પટેલ તે વિજયભાઈ પટેલની પત્ની ના નામે માલિકી કબજા ભોગવટે ચાલી આવેલ છે. જે અમારા અસીલે વેચાણ લેવાનું નક્કી કરેલ છે અને તમામ બોજા રહિત વેચાણ લેવા પુર્ણ સમંતિ રહેલ છે. આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ઉપરોક્ત જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલક્ત ઉપરોક્ત જમીન માલિકે મારા અસીલને તમામ બોજા રહીત વેચાણ આપવા નક્કી કરેલ છે. સદરહુ જમીનમાં જણાવેલ માલિકો સિવાય અન્ય કોઈ ના કોઇપણ પ્રકારનો હક્ક, હીન, લાગભાગ, દરદાવો, હીસ્સો, ખોરાકી-પોષાકી ગીરો, લોન વિગેરે હોય યા વપરાશના હક્કો કે ઇઝમેન્ટ સ્વરૂપના હક્કો યા કોઇ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. મુદ્દત વિત્યે કોઇના કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સો, દરદાવો જતો કર્યો છે તેમ માની મારા અસીલ સદરહું વ્યવહાર પૂર્ણ કરી પાકો દસ્તાવેજ કરાવી લેશે. તેમજ ઉપરોક્ત મિલકતનું ટાઇટલ આપી દેવામાં આવશે. પાછળથી કોઇની કોઈપણ જાતની તર-તકરાર કાયદામાં ગ્રાહય ગણાશે નહી, તેમજ રદ ગણાશે જેની છેવટની નોંધ લેવી.

તા. ૧૬/૦૫/૨૦૨૬

**વિરલ વાય. દેસાઈ** એડવોકેટ
૩૫૦, અનાવિલ સ્ટ્રીટ. સિસોદ્રા (ગણેશ)-૩૯૬૪૬૩, તા.જી. નવસારી, ગુજરાત-ભારત ફોન નંબર : ૯૬૮૭૮૩૭૫૫૩